iora.gujarat.gov.in પર કરવામાં આવતી
ખેડૂત ખરાઈ પ્રમાણપત્રની ઓનલાઈન
અરજીઓની કાર્યપધ્ધતિમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૮/૨૦૨૩

**વંચાણે લીધા :**

(૧) મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક :- ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ, તા.૩૧/૦૭/૨૦૨૦.
(૨) મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક :- ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ, તા.૦૬/૦૧/૨૦૨૧.

// પરિપત્ર //

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પરિપત્રથી રાજયમાં ડિજિટાઈઝેશન અને ઓનલાઈન પ્રક્રિયાના ભાગરૂપે ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવવા માટેની ઓનલાઈન કાર્યપધ્ધતિ અમલમાં મુકવા માટે સુચનાઓ આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી અરજદાર પક્ષેથી અરજી તથા સોગંધનામામાં ક્ષતિના કિસ્સામાં અરજી ફી તથા પુનઃ અરજીના સંબંધમાં તથા ઓનલાઈન પ્રક્રિયા બાબતે સુધારા સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. રાજયના મહેસૂલી વહીવટને સરળ બનાવવાના ભાગરૂપે ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયામાં શિરસ્તેદાર પક્ષે અરજીની ચકાસણી અને તે પરત્વે અભિપ્રાય માટે પૂરતો સમય મળી રહે તે સંબંધમાં નીચે મુજબની સુધારા સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પરિપત્રના મુદ્દા નં. (૨) અરજીની ચકાસણીની કામગીરી અંતર્ગત અરજદાર તરફથી ઓનલાઇન અરજી પ્રાપ્ત થયા બાદ પૂર્ણ કરવાની મહત્તમ સમય મર્યાદા ૦૨ દિવસની છે તેની જગ્યાએ હવે આ સમયમર્યાદા ૦૫ દિવસની કરવામાં આવે છે. પ્રિ-સ્ક્રુટિનીની કામગીરી આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ફ્લો ચાર્ટ પ્રમાણે કરવાની રહેશે.

ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર આપવાની સમગ્ર પ્રક્રિયા પ્રાંત અધિકારીશ્રીએ ૧૫ દિવસની સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે તેમજ વંચાણે લીધેલ પરિપત્રોની અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.સી.પટેલ),
સંયુક્ત સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સુ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી અને મહેસુલ તપાસણી કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ખ-૫ સર્કલ, સેક્ટર-૧૪, ગાંધીનગર.
- સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી (વિવાદ), સોલા વિદ્યાપીઠ સામે, અમદાવાદ.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રી.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી, સ્ટેટ મોનિટરીંગ સેલ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર તરફ નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર (NIC) ના પરામર્શમાં i-ORA માં જરૂરી અસર આપવા કાર્યવાહી સારૂ.
- નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર (NIC) બ્લોક નં ૧૩, બીજો માળ, સચિવાલય ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ - ૨૦૨૩

# પરિશિષ્ટ-૧

## પરિપત્ર ક્રમાંક: ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ તા.૨૨/૦૮/૨૦૨૩

**iORA - Khedut Kharai Service Workflow**
**Revenue Department, Gujarat**

